ખાસ નોંધઃ નીચેનું લખાણ સુચિત ગુજરાતીમાં છે. આ ગુજરાતી પ્રમાણભૂત ગુજરાતી નથી. વધુ વિગતો માટે ઈન્ટરનેટ પર જુઓઃ http://www.sakal.biz/pdf/Gujarati_Sudhara8.pdf

## સુચીત ગુજરાતીમાં કેટલીક વીચારકણીકાઓ, ભાગ-૩ઃ

### 1. નશાકારક પદાર્થોથી સમાજને બચાવવામાં સરકારની ભુમીકાઃ

નશાકારક પદાર્થો વ્યકતીનાં સ્વાસ્થ્ય માટે અત્યંત ખતરનાક છે. તેમ છતાં વીસ્વનાં લગભગ બધાજ ભાગમાં તમાકુ, શરાબ જેવા પદાર્થોનો ધંધો અને ઉપભોગ ચાલી રહેલો છે. આવા પદાર્થોથી લોકોને બચાવવા સરકારોએ ઘનીસ્ટ પ્રયત્નો કરવાજ રહ્યા. જે રીતે અફીણ, ગાંજા જેવા પદાર્થોનાં ઉપયોગ અને હેરફેર પર કડક પ્રતીબંધો છે તેજ રીતે તમાકુ, શરાબ જેવા પદાર્થોનાં ઉત્પાદન, હેરફેર, વેચાણ અને વપરાશ પર પ્રતીબંધો મુકવા જરુરી છે. સરકારોએ તમાકુ, દારુ જેવા પદાર્થોનાં વ્યાપાર પરથી થતી કરની આવકનો લોભ છોડીને આવા પદાર્થોનાં ઉત્પાદન અને વ્યાપાર પર પ્રતીબંધ મુકવો જોઈએ. નશીલા પદાર્થો પરથી આવક મેળવવા જતાં લોકોનું સ્વાસ્થ્ય જોખમાય છે અને સરવાળે સમાજને નુકસાન થાય છે. જે લોકો આવા પદાર્થોનાં વ્યસનથી પીડીત છે તેમને માટે વ્યસનમુક્તી કેન્દ્રો મારફત સહાય ઉપલબ્ધ કરાવવી જોઈએ. આપણે તમાકુ, શરાબ જેવા વ્યસનોની બુરાઈઓથી પણ એટલાજ સજાગ બનીએ જેટલા અન્ય નશીલા દ્રવ્યોનાં દુસણથી સજાગ છીએ.

### 2. સ્વચ્છ શૌચાલયો અપનાવીએ અને સાથે કીમતી ખાતર મેળવવાનું પણ ચાલુ રાખીએ.

સ્વચ્છતા માટે આપણે પાકા શૌચાલયનો આગ્રહ રાખીએ છીએ. ગામ, નગર કે શહેરમાં બનાવવામાં આવતા આવા શૌચાલયમાંથી મળ-મુત્રનો નીકાલ ખાળકુવામાં કરવાને બદલે ગટરો મારફત કરવો જોઈએ. ગટરોનો કચરો નદી, તળાવ કે સમુદ્ર જેવા સ્થાનોમાં વેડફી ન નાખતા તમામ કચરાને મુકરર જગ્યાઓએ એકત્ર કરી તેનું ખાતર બનાવવું જોઈએ. આમ કરીને મળ-મુત્રનું એકત્રીકરણ કરીને તેમાંથી કીમતી ખાતર બનવાનું ચાલુ રહેવું જોઈએ. આપણે સ્વચ્છતા મેળવવા જતાં મળ-મુત્રમાંથી બનતા કીમતી ખાતરને ગુમાવીએ તો 'બકરુ કાઢતા ઉંટ પેઠું' કે 'ધરમ કરતાં ધાડ પડી' જેવો ઘાટ થાય.

વધુ સારી સ્વચ્છતા માટે વીલાયતી ઢબનાં શૌચાલય વાપરવા જોઈએ. આવા શૌચાલયમાં પાણીનો વધુ વ્યય ન થાય તે માટે વપરાયેલા પાણીને ગટરો મારફતે ભેગું કરીને તેનું શુધ્ધીકરણ કરીને તેનો શૌચાલયમાં ફ્લશ માટેનાં પાણી તરીકે

ફરી ઉપયોગ કરવો જોઈએ. પાણીનો પુનઃ ઉપયોગ કરવાથી પાણીની થતી બચતનું મુલ્ય એ માટે કરવામાં આવેલા મુડીરોકાણ કરતાં ક્યાંય વધારે હશે. તે સાથે આખી પધ્ધતીનો મુખ્ય હેતુ ખેતી માટે સોના જેવું ખાતર મેળવવાનો છે જે ભારે ફાયદાકારક સાબીત થશે.

જ્યાં ગટર વ્યવસ્થા ઉભી થઈ ન શકે – જેમકે પહાડી વીસ્તાર હોય કે અત્યંત છુટીછવાયી વસ્તી હોય – ત્યાં ખાળકુવાવાળા શૌચાલયજ વ્યવહારુ ઉકેલ હોય તો ખાળકુવામાંથી સમયાંતરે કચરો બહાર કાઢી લઈ તેને ખેતી કામમાં ઉપયોગમાં લઈ લેવો જોઈએ. આ માટે ખાળકુવાની રચના કરતી વખતે તેમાંથી કચરો કાઢી લેવાની વ્યવસ્થા પણ સામેલ હોવી જોઈએ.

સ્નાનગ્રુહો અને શૌચાલયોનું પાણી ખેતી માટે વાપરી શકાય તે માટે સાબુ, ડીટર્જન્ટ, ફીનાઈલ વગેરે સફાઈકારકોને ખેતી સમર્થક અને પર્યાવરણ યોગ્ય બનાવવા જોઈએ. જે પદાર્થો ખેતી અને પર્યાવરણને માટે હાનીકારક હોય અને તેમને નીસ્ક્રીય કરવા પણ અશક્ય/મુશ્કેલ હોય તે પદાર્થોનો વપરાશ ન કરવો જોઈએ.

ગટરવ્યવસ્થા વડે કે ખાળકુવામાં એકત્રીત કરવામાં આવેલા ઘન તેમજ પ્રવાહી કચરાને ઉપાડીને ખેતરો સુધી લઈ જવા માટે તેમજ તેને ખેતરની માટીમાં ભેળવી દેવાના કામોમાં મહત્તમ યાંત્રીકરણ કરવાથી આ કામ સ્વચ્છ અને સુઘડ બનશે.

## 3. પછાતવર્ગોનાં ઉત્કર્સ માટે અનામતો ઉપરાંત સશક્તીકરણ જરુરીઃ

પછાતવર્ગોનાં ઉત્કર્સ માટે અનામતોની સાથે સાથે તેઓને અભ્યાસની તકો તથા તાલીમ આપી તેમનાં સશક્તીકરણની જરુર છે. અનામતને કારણે ગુણવત્તા સાથે સમાધાન થાય છે. જ્યારે સશક્તીકરણ કરવામાં એમ થતું નથી. વંચીતોનાં સશક્તીકરણ માટે તેમને આર્થીક સહાયતા કરવી જોઈએ. વીદ્યા પ્રાપ્તીને ખર્ચાળ ન બનાવીએ. દરેક વર્ગ વીદ્યા/તાલીમ મેળવી શકે તેવું માળખું ઉભુ કરીએ. સર્વને સુલભ એવું શીક્સણ અને તાલીમ પ્રાપ્ત વ્યક્તીને પછી અનામતની જરુર નહીં પડે.

નીચે મુદ્દા-4માં દર્શાવેલ સમાજવાદી શીક્સણ વ્યવસ્થા ગોઠવવાથી પછાતવર્ગોનું સશક્તીકરણ સહેલાઈથી થઈ શકશે અને અનામતનો પ્રસ્ન રહેશે નહીં.

## 4. શીક્સણનું સમાજવાદીકરણઃ

આપણી શીક્સણ વ્યવસ્થા નફાને કેન્દ્રમાં રાખીને ચાલતી મુડીવાદી વ્યવસ્થાને આધીન ન હોવી જોઈએ. શીક્સણ પામવાને પાત્ર દરેક વીદ્યાર્થી તે પામી શકે તેવી વ્યવસ્થા ગોઠવવાથી શીક્શણનું સમાજવાદીકરણ થશે. સમાજવાદી શીક્શણ વ્યવસ્થામાં વીદ્યાર્થીનું બૌદ્ધીક સ્તર એકમાત્ર માપદંડ રહેશે. વીદ્યા પ્રાપ્તી માટે વીદ્યાર્થીને તમામ આર્થીક મદદ રાજ્ય તરફથી મળવી જોઈએ. મુડીવાદી શીક્સણ પધ્ધતીમાં જેની પાસે પૈસા હોય તે જે શીક્સણ ઈચ્છે તે મેળવી શકે છે અને ગરીબ વ્યક્તી પ્રતીભાવાન હોવા છતાં ઈચ્છીત શીક્સણ મેળવી શકતી નથી. મુડીવાદી શીક્સણ વ્યવસ્થા નફા કેન્દ્રીત, ટુંકી દ્રસ્ટીવાળી છે. સમાજવાદી શીક્સણ વ્યવસ્થા રાજ્ય દ્વારા ચલાવવામાં આવતી પ્રતીભા કેન્દ્રીત, દીર્ઘદ્રસ્ટીવાળી શીક્સણ વ્યવસ્થા છે. સમાજવાદી શીક્સણ વ્યવસ્થાનાં સંચાલન માટે રાજ્ય દ્વારા કરવેરાઓ મારફત ઉભી કરાયેલ આવકનો ઉપયોગ થવો જોઈએ.

તબીબી સારવાર પણ સમાજવાદી ધોરણે થવી જોઈએ. તબીબી સારવાર પ્રાપ્ત કરવાનો અધીકાર વ્યક્તીની આર્થીક પહોંચ સાથે સંકળાવો ન જોઈએ.

સમાજવાદી અર્થવ્યવસ્થા વ્યક્તીઓનાં પગાર, મળતર, હીસ્સા, નફા, મુડી પરનાં વળતર/વ્યાજ જેવી કોઈ પણ આવકમાં મોટા તફાવતોને પ્રોત્સાહન નથી આપતી. કાર્ય માટેનું પ્રેરકબળ કાર્યનું વ્યાજબીપણું અને તેની સમાજને ઉપીયોગીતા છે. તેનાથીજ વ્યક્તીને કાર્ય કરવામાંથી સંતોસ મળે છે. દફતરમાં મેજ-ખુરશી પર બેસી કામ કરનાર જે સ્તરે પોતાનું અને પોતાનાં કુટુંબનું ભરણપોસણ કરી શકે તેટલુંજ ભરણપોસણ મેળવવાનો અધીકાર એક સ્રમીકનો પણ છે.

## 5. પ્રદુસણની સમસ્યાનો ઉકેલઃ જાહેર પરીવહન વ્યવસ્થા.

પેટ્રોલ/ડીઝલ આધારીત ખાનગી વાહનોને કારણે પ્રદુસણની સમસ્યા ઉભી થાય છે કેમકે આ વ્યવસ્થામાં પ્રતી વ્યક્તી ઈંધણ વપરાશ વધુ થાય છે/તેની કાર્યક્સમતા અત્યંત કંગાળ હોય છે. પ્રદુસણ વધવાથી વૈસ્વીક તાપમાન વ્રુધ્ધી અને હવામાનનાં પલટા જેવા વીકટ પ્રસ્નો જન્મ્યા છે.

જાહેર પરીવહન વ્યવસ્થા વીજળી આધારીત બનાવી શકાય છે. પેટ્રોલ/ડીઝલ આધારીત જાહેર વાહનોમાં પણ પ્રતી વ્યક્તી ઈંધણ વપરાશ ઓછો થાય છેઃ

વધુ કાર્યક્સમ હોવાથી તે સ્વીકાર્ય બને છે. જાહેર પરીવહન માટે રેલમાર્ગ અનેક રીતે ફાયદાકારક છેઃ 1. સડક માર્ગોની સરખામણીએ જમીનનો વપરાશ વધુ કાર્યક્સમ રીતે થાય છે. 2. હવાઈ જહાજો દ્વારા ખુબ ઉંચાઈએ થતા પ્રદુસણ કરતાં કોલસા કે ડીઝલચાલીત રેલ એન્જીનનું પ્રદુસણ ઓછું નુકસાનકારક છે. 3. પાણીમાં ચલાવાતા મોટા યાંત્રીક વહાણોથી પાણીમાં વસતા જીવોની થતી હાની રોકી શકાય છે.

રેલપરીવહનને વધુ કાર્યક્સમ બનાવવા માટે કેટલાક સરળ ઉપાયો આ મુજબ હોઈ શકે છેઃ 1. રેલનાં બે પાટા વચ્ચેનું અંતર એકસમાન રાખવું. મીટરગેજ અને નેરોગેજ રેલમાર્ગોને બ્રોડગેજમાં રુપાંતરીત કરવા. 2. રેલમાર્ગો પરનાં ફાટકોને બંધ કરીને માર્ગ પરીવહન માટે પુલ અથવા ગરનાળા બનાવવા. 3. રેલપરીવહનમાં મહત્તમ યાંત્રીકરણ કરવું. 4. મોંઘા રેલ્વે પુલોને એકમાર્ગી બનાવી સંસાધનોની બચત કરવી. 5. રેલમાર્ગો અને પુલોને વધુ ઝડપી અને ભારે પરીવહન માટે વધુ મજબુત બનાવવાનું કામ કાયમી ધોરણે ચાલુ રાખવું.

બધા ઉકેલોની સાથે વસ્તી વધારા પર અંકુશ પણ જરુરી છે.

## 6. ઉર્જાની સમસ્યાનો ઉકેલઃ ઉર્જાનો કાર્યક્સમ વપરાશ અને તેના વીભીન્ન સ્ત્રોતોનું સમજદારીપુર્વકનું દોહન.

ઉર્જાનાં કાર્યક્સમ વપરાશ માટે જાહેર વાહનોનો ઉપયોગ વધારવો જોઈએ.

ઉર્જા મેળવવા માટે પેટ્રોલીયમ પદાર્થો મોટાપાયે વપરાય છે. તે સાથે ઉર્જાનાં અન્ય સ્ત્રોતોનું સમજદારીપુર્વકનું દોહન પણ અગત્યનું છે – જેમકે સૌર ઉર્જા, પવનશક્તી, જળવીદ્યુત, અણુઉર્જા વગેરે.
ઉર્જા માટે ઈથેનોલ(શેરડી, મકાઈ વ. માંથી), બાયોડીઝલ (રતનજ્યોત/જેટ્રોફાનાં ફળમાંથી) જેવા બળતણો મેળવવા જતાં ખોરાક માટે જરુરી અનાજની ખેતીની જમીનમાં ઘટાડો થવાની સંભાવના છે તેથી આવા બળતણોનો ઉપયોગ હાલ(ઈ.સ. 2008)નાં સંજોગોમાં બહુ વ્યવહારુ લાગતો નથી.

ઉપર મુદ્દા-5માં લખ્યું છે તેમ અહીં પણ – બધા ઉકેલોની સાથે વસ્તી વધારા પર અંકુશ પણ જરુરી છે.

*** સમાપ્ત ***

ખાસ નોંધઃ ઉપરનું લખાણ સુચિત ગુજરાતીમાં છે. આ ગુજરાતી પ્રમાણભૂત ગુજરાતી નથી.
વધુ વિગતો માટે ઈન્ટરનેટ પર જુઓઃ http://www.sakal.biz/pdf/Gujarati_Sudhara8.pdf

લેખકઃ અજય દયાળજી દેસાઈ,
સકલ સમાજસેવા મંડળ,
એચ-101 શ્યામ એપાર્ટમેન્ટ,
બાલાજી કોમ્પ્લેક્ષ પાસે,
વસ્ત્રાપુર, અમદાવાદ-380015 INDIA.
ઈમેલઃ ajaydesai@ajaydesai.net
વેબઃ http://www.sakal.biz

તારીખઃ 2008-2011, 2012: 18/02, 03/03, 24/03.

http://www.sakal.biz/pdf/Gujarati5.pdf